# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૭/૦૯/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# તમારી ગેરહાજરીમાં તમારા વિષે જે બોલાય છે એજ તમારી બ્રાન્ડ ઇમેજ છે : નિષ્ણાત

## એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ દ્વારા યોજાયેલી બિઝનેસ પ્રેઝન્ટેશન એન્ડ નોલેજ સિરીઝ મિટીંગમાં 'બ્રાન્ડ ડેવલપમેન્ટ' વિષે સંવાદ યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની એસજીસીસીઆઇ બિઝનેસ કનેકટ કમિટી દ્વારા ગુરૂવાર, તા. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૫:૩૦ કલાકે પિપલોદની મિ. મલ્ટીકયુઝીન રેસ્ટોરેન્ટ (ક્રીસ્ટલ પ્લાઝા) ખાતે બિઝનેસ પ્રેઝન્ટેશન એન્ડ નોલેજ સિરીઝ મિટીંગ મળી હતી. મિટીંગમાં 'બ્રાન્ડ ડેવલપમેન્ટ' વિષે સંવાદ યોજાયો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે હિમાદ્રી સિન્હાએ ઉદ્યોગ સાહસિકોને પોતાની પ્રોડકટને બ્રાન્ડ કેવી રીતે બનાવી શકાય છે તે દિશામાં મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતું કે, કોઇપણ બિઝનેસની સફળતા માટે હવે તેના પ્રોડકટની બ્રાન્ડીગ જરૂરી બની ગયું છે. બ્રાન્ડીગમાં વ્યવસાયની કાયમી અને સકારાત્મક છબી બનાવવાનો સમાવેશ થાય છે અને એ તમારી બ્રાન્ડની જાહેરાત કરીને તમારા ઉત્પાદનો અને સેવાઓને પ્રમોટ કરવાની એક રીત છે. આજના યુગમાં મજબૂત બ્રાન્ડીગ જ વ્યવસાય વધારવામાં મદદરૂપ થાય છે. તેમણે બોલીવુડના મહાનાયક

અમિતાભ બચ્ચનનો દાખલો આપતા સમજણ આપી હતી કે, ટીવી ઉપર દસમાંથી આઠ જાહેરાતોમાં અમિતાભ બચ્ચન દેખાય છે. હકીકતમાં તેઓને રૂપિયાની જરૂર નથી પણ લોકોને તેઓ સતત ટીવી પર દેખાતા રહે અને તેમનું બ્રાન્ડીગ થાય તેમાં જ તેમને રસ છે. સોશિયલ મિડિયામાં પણ તેઓ એટલા જ એકટીવ રહે છે. આથી બ્રાન્ડીગ એ આજના યુગની માંગ છે અને તેના વગર પ્રોડકટનું વેચાણ પણ શકય નથી.

વકતા હિમાદ્રી સિન્હાએ જણાવ્યું હતું કે, લોગો અથવા એડવર્ટાઇઝમેન્ટ એ બ્રાન્ડીગ નથી પણ તમારી ગેરહાજરીમાં તમારા વિષે જે બોલાય છે એજ તમારી બ્રાન્ડ ઇમેજ છે. તમે શું બોલ્યા અને શું કર્યુ એ લોકો ભૂલી જશે પણ તમે તેઓને કેવો અનુભવ કરાવ્યો એ લોકોને હમેશા યાદ રહેશે. આવી રીતે બ્રાન્ડ લોકોની સાથે જોડાયેલી રહે છે. બ્રાન્ડીગ માટે રૂપિયાની જરૂર નથી પણ તેને એક અભિગમની જરૂર હોય છે. જેઓ ખરા અર્થમાં લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવે છે તે જ મોટી સસ્ટેનેબલ બ્રાન્ડ બની છે.

દરેક બ્રાન્ડની પાછળ એક સ્ટોરી હોય છે અને દરેક બ્રાન્ડ એક વ્યક્તિની જેમ જ અનોખું વ્યક્તિત્વ ધરાવે છે. તમારે તમારી પોતાની બ્રાન્ડ ઉભી કરવા માટે તેમાં રહેલું વ્યક્તિત્વ શોધવા સખત મહેનત કરવી જોઈએ. તેમણે બ્રાન્ડીંગ વિષે કેટલાક મહત્વના તથ્યો પર પ્રકાશ પાડયો હતો. એના માટે તેમણે વિવિધ ઉદાહરણો થકી સમજણ આપી હતી. આથી એસબીસીના સભ્યોને આ વિષયમાં વિશેષ રસ પડયો હતો અને દરેક સભ્યોએ ઉત્સાહપૂર્વક ચર્ચામાં ભાગ લીધો હતો.

મિટીગમાં માનદ્‌ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્‌ ખજાનચી ભાવેશ ગઢીયા તથા ગૃપ ચેરમેન બિજલ જરીવાલાએ એસબીસીના વિકાસ માટે મહત્વના સૂચનો આપ્યા હતા. એસબીસીના ચેરમેન એડવોકેટ પરેશ પારેખે મિટીગનું સંચાલન કર્યું હતું. મિટીગમાં એસબીસીના સભ્યોના પ્રેઝેન્ટેશનની કામગીરી કમિટીના કો–ઓર્ડીનેટર સ્નેહા જરીવાલા દ્વારા સંચાલિત કરવામાં આવી હતી. એસબીસીના સભ્યોએ ટુંકમાં પોતાના વ્યવસાય સાથે પરિચય આપ્યો હતો. મુખ્ય વકતાનો પરિચય કમિટીના એડવાઈઝર તપન જરીવાલાએ આપ્યો હતો. અંતે એસબીસી કમિટીના કો–ચેરમેન ચિરાગ દેસાઈએ સર્વેનો આભાર માની મિટીંગ તથા સંવાદનું સમાપન કર્યું હતું.